68

તા. ૧૭-૬-૨૦૧૯, સોમવાર, આજકાલ

## દેશ-પરદેશની આજકાલ

# ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીમાં બિપેન્દ્રસિંહની બિનહરીફ વરણી

આજકાલ કાર્યાલય

જામનગર



જામનગર ચેમ્બરને ગુજારત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, અમદાવાદ તરફથી મળેલ પત્ર તા. ૧૦-૬ અનુસાર ગુજરાત ચેમ્બરની કારોબારી સમિતિની વર્ષ ૨૦૧૯-૨૦ માટેની ચુંટણીમાં રીજીયોનલ ચેમ્બર કેટેગરીમાં ચેમ્બર પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજાએ ઉમેદવારી નોંધાવેલ. આ ચુંટણીમાં અન્ય કોઈએ ઉમેદવારી નહી નોંધાવતા જામનગર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા બિનહરીફ ચુંટાઈ આવેલ છે આમ હવે જામનગર ચેમ્બરના પ્રમુખ બિપેન્દ્રસિંહ જાડેજા ગુજરાત ચેમ્બર, અમદાવાદ ખાતે જામનગર ચેમ્બર તથા સૌરાષ્ટ્ર ગુજરાતની તમામ ચેમ્બરો વતી પ્રતિનિધિત્વ કરશે જેમાં જામનગર શહેર જીલ્લાના વેપા-ઉધોગના પ્રશ્ને રજુઆતો કરી પ્રશ્નોના નિરાકરણ માટે સતત પ્રયત્નશીલ રહી કાર્ય કરશે.